# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 12-12-2025 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## રણોત્સવ માર્ગ પર વૃક્ષોનું વાવેતર:

કચ્છના કલેક્ટર શ્રી આનંદ પટેલે ભુજ-ધોરડો રણોત્સવ માર્ગ પર ગાંડા બાવળના સ્થાને ઘટાદાર દેશી વૃક્ષોનું વાવેતર કરવાની અનોખી પહેલ કરી છે. મિશન લાઈફની યોજના હેઠળ રૂ. એક કરોડનું ભંડોળ ફાળવીને આ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે, જેનું કામ વન તંત્રના સામાજિક વનીકરણ વિભાગને સોંપવામાં આવ્યું છે.

કલેક્ટરે જણાવ્યું કે, ખારી જમીન હોવા છતાં વૈજ્ઞાનિક ઢબે મીઠી માટી લાવીને અંદાજે છ હજાર દેશી વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે અને તેના રક્ષણ માટે પિંજરા પણ લગાડવામાં આવશે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ પ્રવાસીઓને આંખ ઠારે તેવાં દૃશ્યો પ્રદાન કરવાનો અને સ્થાયી પર્યાવરણ અનુકૂળ જીવનશૈલીને પ્રોત્સાહન આપવાનો છે. નાયબ વન અધિક્ષક જયન પટેલે આ પહેલથી પર્યટકોને સુંદર માર્ગ મળશે તેમ જણાવ્યું હતું.

--------------------------------------------------------------------------------------------

## ભચાઉ-સમીક્ષા બેઠક:

ભચાઉ તાલુકામાં આરોગ્ય સેવાઓને સુદ્રઢ બનાવવા માટે જિલ્લા વિકાસ અધિકારીઉત્સવ ગૌતમના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં શાળા આરોગ્ય તપાસણી, રસીકરણ, ટી.બી. નિર્મૂલન અને ખાસ કરીને માતા અને બાળ આરોગ્ય યોજનાની કામગીરીની ઊંડાણપૂર્વક સમીક્ષા કરવામાં આવી. DDOએ બાળ-માતા મરણના કારણો અંગે ચર્ચા કરીને ફિલ્ડ સ્ટાફને નવજાત શિશુથી 18 વર્ષ સુધીના તમામ

બાળકોને સઘન સારવાર પૂરી પાડવા અને ફિલ્ડ સર્વે વધારવા માટે ઘનિષ્ઠ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. બેઠકમાં જિલ્લાના આરોગ્ય અધિકારીઓ સહિતનો સ્ટાફ હાજર રહ્યો હતો.

-----------------------------------------------------------------------------------

## અંજારનો સ્થાપના દિવસ:

ઐતિહાસિક અંજાર શહેરના 1 હજાર 481માં સ્થાપના દિવસની આજે ઉજવણી ચાલી રહી છે. આજે સવારે નગરપાલિકાથી અજેપાળ મંદિર સુધી શોભાયાત્રા નીકળી હતી.ત્યારબાદ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાના હસ્તે ગંગાનાકા પાસે તોરણવિધિ અને ખીલીપૂજન કરવામાં આવ્યું હતું. ટાઉનહોલ ખાતે વિશિષ્ટ સેવા આપનાર નાગરિકોનું રાજ્યમંત્રી ત્રિકમભાઇ છાંગા અને મહાનુભાવો દ્વારા સન્માન કરાયું હતું. આ ઉપરાંત ટાઉનહોલ મેદાનમાં પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાના વિદ્યાર્થીઓ માટે વિવિધ રમતગમત સ્પર્ધાઓ યોજાઇ હતી.

-----------------------------------------------------------------------------------

## દિવ્યાંગ સ્પર્ધા:

જિલ્લામાં રાજ્ય કક્ષાની સ્પેશિયલ ખેલ મહાકુંભ – દિવ્યાંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં નવચેતન, ભુજની ટીમે વિજય મેળવી રાજ્ય કક્ષા માટે ક્વોલિફાય કર્યું છે.

આ સ્પર્ધામાં જિલ્લાની કુલ ચાર ટીમોએ ભાગ લીધો હતો. ફાઇનલ મુકાબલો દિવ્યાંગ સપોર્ટ સેન્ટર, માતાનામઢ અને નવચેતન, ભુજ વચ્ચે રમાયો હતો. બંને ટીમો વચ્ચે તીવ્ર સ્પર્ધા જોવા મળી હતી જેમાં નવચેતન વિજેતા બની હતી. નવચેતન ટીમ હવે રાજ્ય કક્ષાની આગામી રાઉન્ડમાં કચ્છનું પ્રતિનિધિત્વ કરશે. આ સ્પર્ધા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, અમદાવાદ ખાતે યોજાશે.

-----------------------------------------------------------------------------------

# ગાંધીધામમાં પાર્કિંગ પ્લોટનું લોકાર્પણ:

**ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા મુખ્ય બજારમાં દબાણો દૂર કરીને ખુલ્લી કરવામાં આવેલી જગ્યા પર અંદાજે ૪૩.૬૮ લાખના ખર્ચે તૈયાર કરાયેલા પાર્કિંગ પ્લોટનું આજે લોકાર્પણ કરાયુ હતું.**

**ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી અને મ્યુનિસિપલ કમિશનર મનીષ ગુરવાનીના હસ્તે લોકાર્પણ કરાયું હતું. આ પાર્કિંગ પ્લોટમા 40 ફોર વ્હીલર અને 100 ટુ વ્હીલર વાહનની પાર્કિંગ સુવિધા ઉપલબ્ધ થશે, જેનાથી વેપારીઓ અને નગરજનોને મોટી રાહત મળશે તેમજ ટ્રાફિકની સમસ્યા હળવી થશે.**

**વેપારીઓને આ પાર્કિંગ પ્લોટમાં જ વાહનો પાર્ક કરવા સૂચના અપાઈ છે અને નિયમનો ભંગ કરનાર સામે દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવૂ મહાનગરપાલિકાએ અખબાર યાદીમાં જણાવ્યું છે.**

---------------------------------------------------------------------------------

# ગઢવાળાની વિધાર્થીનીની સિધ્ધી:

અબડાસા તાલુકાના ગઢવાળાની પ્રાથમિક શાળામાં ધોરણ ૪માં અભ્યાસ કરતી શ્રેયા દેવશીભાઇ ગોરડિયાએ ખેલકૂદ ક્ષેત્રે સિદ્ધિ મેળવી છે. જિલ્લામાં યોજાયેલ ખેલમહાકુંભ 2025માં 14 વર્ષની ઉંમરની શ્રેણીમાં શ્રેયા ગોરડીયાએ ઉંચી કૂદમાં જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેની આ સિદ્ધિ બદલ શાળા પરિવાર તથા અબડાસા તાલુકામાં ખુશી ફેલાઇ છે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં યોજાયેલા કલા ઉત્સવમાં વિકસિત ગુજરાત વિષય પર કાવ્ય લેખન સ્પર્ધામાં શ્રેયા ગોરડિયાએ ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તેમની આ સિદ્ધિ બદલ ઠેર ઠેરથી અભિનંદન મળી રહ્યા છે.

---------------------------------------------------------------------------------

## હવામાન:

કચ્છમાં ધીમે ધીમે ઠંડીની પકડ વધુ મજબૂત બની રહી છે જેમાં ખાસ કરીને નલિયામાં અન્ય તાલુકા મથકો કરતા વધુ ઠંડી અનુભવાઇ રહી છે. આજે સતત બીજા દિવસે નલિયાનુ લઘુત્તમ તાપમાન એકલ અંકમાં નોંધાયું છે. 8.8 ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે નલિયા રાજ્યના ઠંડા મથકોની યાદીમાં મોખરે રહ્યું છે. જિલ્લા મથક ભુજમાં ફુલ ગુલાબી ઠંડક સાથે લઘુત્તમ તાપમાન 14.5 ડિગ્રી સેલ્શિયસ નોંધાયુ હતું. જિલ્લાના અન્ય વિસ્તારોમાં મોડી સાંજથી સવાર સુધી ફૂલ ગુલાબી ઠંડી બાદ દિવસ દરમિયાન તાપમાન સામાન્ય રહ્યું હતું.

---------------------------------------------------------------------------------------

## ગાંધી કચ્છયાત્રા શતાબ્દી નિમિતે સેમિનાર:

મહારાઓ વિજયરાજજી સાર્વજનિક પુસ્તકાલય ભુજ ખાતે ગુજરાત સાહિત્ય અકાદમીના સહયોગથી 'ગાંધી કચ્છયાત્રા શતાબ્દી' નિમિત્તે એક સેમિનાર યોજાયો હતો. ભાવનગર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડો. વિદ્યુતભાઈ જોશીએ જણાવ્યું હતું કે ગાંધીજીના આચરણમાં દેખાડો નહોતો, પરંતુ તેમના હૃદયમાં રામ વસતા હતા અને તેમણે અનેકાંતવાદની આરાધના કરી હતી.

વરિષ્ઠ ગાંધીયન અને સમાજસેવક રમેશભાઈ સંઘવીએ રાષ્ટ્રપિતાના કચ્છ પ્રવાસના કડવા-મીઠા પ્રસંગો રસાળ શૈલીમાં વર્ણવ્યા હતા. પુસ્તકાલયના પ્રમુખ ઉપેન્દ્રભાઈ ઉપાધ્યાયે વાંચન વિકાસ માટે કાર્યક્રમો યોજવાનું સાતત્ય જાળવવાની ખાતરી આપી હતી.

---------------------------------------------------------------------------------------